**આંક : ૧૯**

**શ્રી એમ.એસ.સોની, ઓથોરીટી અંડર ધી પેમેન્ટ ઓફ વેજીસ એકટ, લેબર કોર્ટ, સુરત સમક્ષ**
**પેમેન્ટ વેજીસ અરજી નં.૨૧૮/૨૦૧૩**

**અરજદાર** : શ્રી ઈશ્વરભાઈ ઉત્તમભાઈ ચાંપાનેરીયા
ઉ.વ.પુખ્ત, ઠે. ઘર નં.૨/૪૧૬૮,અનાવીલ શેરી,
પાંજરા શેરીના નાકે,
સગરામપુરા, સુરત.

% સુરત સિલ્ક લેબર યુનીયન,
૧૧૧,ડો. આંબેડકર કોમર્શીયલ સેન્ટર,
રીંગ રોડ, સુરત.

**વિરુધ્ધ**

**સામાવાળા** : મનીષ ડાઈંગ એન્ડ પ્રિન્ટીગ મીલ્સ પ્રા.લી.,
ઠે. ૪૨૯, જી.આઈ.ડી.સી.ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ,
પાંડેસરા, સુરત.

અરજદાર તરફે :– પ્રતિનિધિશ્રી દિપકભાઈ પીપરોડીયા.
સામાવાળા તરફે :– વિ.વકીલશ્રી યશવંતસિંહ રાઠોડ.

**:: ચુકાદો ::**

**પગાર ચુકવણી ધારાની કલમ–૧૫ મુજબ ની અરજી**

**(૧)** અરજદારની અરજીની ટુંકમાં હકીકત એવી છે કે, તેઓ સામાવાળા સંસ્થામાં ૨ ॥ વર્ષથી ઈલેકટ્રીક ખાતામાં વાયરમેનના હોદ્દા પર માસિક રૂા.૯,૨૫૦/– ના પગારથી નોકરી કરતા હતા ત્યારે અરજદાર તથા અન્ય કામદારોને તા.૩–૮–૦૪ ના રોજ છુટા કરતાં ટી.અરજી નં.૫૬૬/૦૪ કરેલ જે ચાલી જતાં તેમાં નામદાર કોર્ટે અરજદારને તા.૩–૮–૦૪ ના રોજ નોકરીમાંથી છુટા કરવાનુ કૃત્ય ગેરકાયદેસર ઠરાવી અરજદારને છુટા કર્યા ત્યારથી તેમની મુળ જગ્યાએ સળંગ નોકરી ગણી પડેલા દિવસોના ૫૦% પગાર સહીત નોકરીમાંથી પુનઃસ્થાપિત કરવા તેમજ અરજી ખર્ચના રુા.૪,૦૦૦/– ચુકવી આપવાનો હુકમની જાણ થયેથી દિન.૩૦ માં સામાવાળાને તા.૦૪–૦૫–૧૩ના રોજ હુકમ કરેલ.

સદર હુકમની નકલ મળવા છતાં સામાવાળાએ હુકમનુ પાલન ન કરેલ નહી અને ખોટા પુરાવા ઉભા કરવા તા.૨૭–૦૫–૧૩ ના રોજ પત્ર મોકલેલ જે પત્ર લઈ નોકરીની ફરજ બજાવવા જતાં પરંતુ સામાવાળા હાજર કરતા ન હતા જેથી તે પત્રની તા.૦૪–૦૬–૧૩ ના રોજ જવાબ આપેલ સામાવાળાને ત્યાં ફરજ બજાવવા જવા છતાં સામાવાળા શેઠ નોકરીની ફરજ પર હાજર કરતા ન હોય સદર અરજી કરી તા.૦૩–૦૮–૦૪ થી તા.૦૪–૦૫–૧૩ સુધીના કુલ ૨૭૩૧ દિવસના ૫૦% પડેલા દિવસોના પગારના નાણા રૂા.૪,૮૫,૭૯૦/– અને ખર્ચના રુા.૪,૦૦૦/– મળી કુલ રૂા.૪,૮૯,૭૯૦/– (અંકે રૂપિયા ચાર લાખ નેવ્યાસી હજાર સાતસો નેવુ પુરા) અરજદારે સામાવાળા પાસે કાયદેસર લ ેવાના થાય છે અને સામાવાળાએ ચુકવી આપેલ ન હોય સામાવાળા રૂા.૪,૮૯,૭૯૦/– અરજદારને ચુકવી આપે તેવો હુકમ ફરમાવવા તથા તે રકમ સામાવાળાએ ગેરકાયદેસર રીતે રોકી રાખેલ હોય તેની દસ ગણી રકમ વળતર સાથે ચુકવી આપવા હુકમ ફરમાવવા તથા અરજીનો ખર્ચ અપાવવા અરજી કરેલ છે.

**(૨)** સદર અરજીની સામાવાળાને ધોરણસર નોટીસ કરતાં તેઓ જાતે કે તેમના વિ.વકીલશ્રી મારફતે હાજર થઈ જવાબ રજુ કરેલ ન હોય આંક–૭ થી જવાબ રજુ કરવાનો હક બંધ કરવામાં આવેલ છે.

**(૩)** અરજદાર તરફે નીચે મુજબના મૌખિક પુરાવા રજુ કરવામાં આવેલ છે.

| | | |
|---|---|---|
| ૧ | અરજદાર ઈશ્વરભાઈ ઉત્તમભાઈ ચાંપાનેરીયાની જુબાનીની એફીડેવીટ | આંક–૯ |
| ૨ | અરજદારની પુરાવા બંધની પુરસીશ | આંક–૧૫ |
| ૩ | અરજદાર ઈશ્વરભાઈ ઉત્તમભાઈ ચાંપાનેરીયાની જુબાનીની એફીડેવીટ | આંક–૧૮ |

અરજદાર તરફે નીચે મુજબના દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે.

| | | |
|---|---|---|
| ૧ | લેબર કોર્ટે ટી.અરજી નં.૫૬૬/૦૪ ના કામે હુકમ ફરમાવેલ તેની નકલ | નિ.૩/૧ |
| ૨ | ઔદ્યોગિક અદાલતે પરચુરણ આઈ.સી.નં.૭/૧૪ના કામે હુકમ ફરમાવેલ તેની નકલ | નિ.૬/૧ |
| ૩ | નામદાર કોર્ટે ટી.અરજી નં.૫૬૬/૦૪ માં હુકમ ફરમાવેલ તેની ઝેરોક્ષ નકલ તા.૧૬–૦૬–૦૬ | નિ.૮/૧ |
| ૪ | નામદાર કોર્ટે ફરીફાઈલ અરજી નં.૯૩/૦૬માં હુકમ ફરમાવેલ તેની ઝેરોક્ષ નકલ તા.૧૭–૦૩–૦૭ | નિ.૮/૨ |
| ૫ | નામદાર કોર્ટે ટી.અરજી નં.૫૬૬/૦૪ માં હુકમ ફરમાવેલ તેની ઝેરોક્ષ નકલ તા.૦૪–૦૫–૧૩ | નિ.૮/૩ |
| ૬ | સામાવાળાએ અરજદારને પત્ર લખેલ તેની નકલ તા.૨૭–૦૫–૧૩ | નિ.૮/૪ |
| ૭ | સામાવાળાના તા.૨૭–૦૫–૧૩ના પત્રનો અરજદારે લખીત જવાબ આપેલ તેની ઓફીસ કોપી તા.૦૪–૦૬–૧૩ | નિ.૮/૫ |
| ૮ | તા.૦૪–૦૬–૧૩ નો પત્ર સામાવાળાને રજી.એ.ડી.થી મોકલેલ તેની પોસ્ટની સફેદ પાવતી અસલ | નિ.૮/૬ |
| ૯ | સામાવાળાને લખેલ પત્ર તે સામાવાળાને મળેલ તેની એકનોલેજમેન્ટ કાર્ડની અસલનકલ | નિ.૮/૭ |
| ૧૦ | અરજદારે સામાવાળાના તા.૧૫–૦૬–૧૩ના પત્રનો જવાબ આપેલ તેની ઓફીસ કોપી તા.૨૯–૦૭–૧૩ | નિ.૮/૮ |
| ૧૧ | તા.૨૯–૦૭–૧૩ નો પત્ર સામાવાળાને રજી.એ.ડી.થી મોકલેલ તેની પોસ્ટની સફેદ પાવતી અસલ | નિ.૮/૯ |
| ૧૨ | નામદાર ઔદ્યોગિક અદાલતે પરચુરણ આઈ.સી.નં.૭/૧૪ માં હુકમ ફરમાવેલ તેની ઝેરોક્ષનકલ તા.૩૧–૦૩–૧૭ | નિ.૮/૧૦ |
| ૧૩ | સામાવાળાને જુબાનીની નકલ રજી.એ.ડી.થી મોકલેલ તેની ઓફીસ કોપી | નિ.૧૧/૧ |
| ૧૪ | સામાવાળાને જુબાનીની નકલ રજી.એ.ડી.થી મોકલેલ તેની પોસ્ટની સફેદ પાવતી અસલ | નિ.૧૧/૨ |
| ૧૫ | સામાવાળાને જુબાનીની નકલ રજી.એ.ડી.થી મોકલેલ તે સામાવાળાને મળ્યા બદલનો ઈન્ટરનેટ ટ્રેક રીપોર્ટ | નિ.૧૧/૩ |

સામાવાળા તરફે મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ નથી.

**(૪)** આ કામે રેકર્ડ ધ્યાને લેતાં અરજદાર તરફે આંક–૯ થી જુબાનીની એફીડેવીટ રજુ કરેલ જે સામાવાળાની ઉલટતપાસ માટે રાખવામાં આવેલ. પરંતુ સામાવાળા અરજદારની ઉલટતપાસ કરવાની તૈયારી બતાવતા ન હોય આંક– ૧૨ થી અરજદારને કોસ્ટની રકમ ચુકવવાનો હુકમ કરવામાં આવેલ છે. સદર કામ સામાવાળાને ઉલટતપાસ કરવા માટે મુદત આપવામાં આવેલ અને અરજદાર હાજર હોવા છતાં સામાવાળા ઉલટતપાસ કરવાની તૈયારી બતાવતા ન હોય આંક–૧૪ થી અરજદારની ઉલટતપાસ કરવાનો સામાવાળાનો હક બંધ કરવામાં આવેલ છે. ત્યારબાદ અરજદાર તરફે આંક–૧૫ થી ક્લોઝીગ પુરસીશ રજુ કરેલ છે. ત્યારબાદ સદર કામ સામાવાળાના પુરાવા માટે હોય પુરતી તકો

આપવા છતાં સામાવાળા તરફે હાજર થઈ પુરાવો રજુ કરેલ ન હોય આંક–૧૬ થી સામાવાળાનો પુરાવો રજુ કરવાનો હક બંધ કરવામાં આવેલ છે. ત્યારબાદ સદર કામ દલીલ માટે હોય અરજદાર તરફે દલીલ સાંભળી જયારે સામાવાળાની દલીલ માટે હોય પુરતી તકો આપવા છતાં સામાવાળા તરફે હાજર થઈ દલીલ રજુ કરેલ ન હોય આંક–૧૭ થી સામાવાળાનો દલીલ રજુ કરવાનો હક બંધ કરવામાં આવેલ છે.

**(૫)** સદરહુ કામે નીચે જણાવેલ મુદૃાઓનો નિર્ણય કરવો ન્યાયોચિત માનુ છું :–

**–: મુદૃાઓ :–**

(૧) શું અરજદાર અરજીમાં માંગ્યા મુજબની દાદ મેળવવા હકદાર છે ?

(ર) શું હુકમ ?

ઉપરોકત મુદૃાઓના મારા નિર્ણય નીચે મુજબ છે :–

**–: નિર્ણય :–**

(૧) અંશતઃ હકારમાં

(ર) આખરી હુકમ મુજબ

**–: કારણો :–**

**<u>મુદૃા નં. ૧ :–</u>**

**(૬)** હાલના કામે અરજદારના પ્રતિનિધિશ્રી તરફે રજુઆત છે કે, તેઓ સામાવાળા સંસ્થામાં ર ાા વર્ષથી ઈલેકટ્રીક ખાતામાં વાયરમેનના હોદૃા પર માસિક રુ।.૯,ર૫૦/– ના પગારથી નોકરી કરતા હતા ત્યારે અરજદાર તથા અન્ય કામદારોને તા.૩–૮–૦૪ ના રોજ છુટા કરતાં ટી.અરજી નં.૫૬૬/૦૪ કરેલ જેમાં નામદાર કોર્ટે અરજદારને તા.૩–૮–૦૪ના રોજ નોકરીમાંથી છુટા કરવાનુ કૃત્ય ગેરકાયદેસર ઠરાવી અરજદારને છુટા કર્યા ત્યારથી તેમની મુળ જગ્યાએ સંળગ નોકરી ગણી પડેલા દિવસોના ૫૦% પગાર સહીત નોકરીમાંથી પુનઃસ્થાપિત કરવા તેમજ અરજી ખર્ચના રુ।.૪,૦૦૦/– હુકમની જાણ થયેથી દિન.૩૦ માં ચુકવી આપવાનો સામાવાળાને તા.૪–૫–૧૩ ના રોજ હુકમ કરેલ. સદર હુકમની નકલ મળવા છતાં સામાવાળાએ હુકમનુ પાલન ન કરતાં અરજદારે સદર અરજી કરી તા.૩–૮–૦૪ થી તા.૪–૫–૧૩ સુધીના કુલ ર૭૩૧ દિવસના ૫૦% પડેલા દિવસોના પગારના નાણા રૂા.૪,૮૫,૭૯૦/– અને ખર્ચના રુ।.૪,૦૦૦/– મળી કુલ રૂા.૪,૮૯,૭૯૦/– (અંકે રૂપિયા ચાર લાખ નેવ્યાસી હજાર સાતસો નેવુ પુરા) અરજદારને ચુકવી આપે તથા તે રકમ સામાવાળાએ રોકી રાખેલ હોય તેની દસગણી રકમ વળતર સાથે ચુકવી આપવા હુકમ ફરમાવવા તથા અરજીનો ખર્ચ અપાવવા હાલની પગાર ચુકવણી ધારાની કલમ–૧૫ હેઠળ અરજી અત્રેની અદાલતમાં કરેલ છે. હાલના કામે સામાવાળાએ અરજદારની અરજી વિરુધ્ધ કોઈ જવાબ રજુ કરેલ ન હોય સામાવાળાનો જવાબ રજુ કરવાનો હક બંધ કરવામાં આવેલ છે.

આ અરજી અન્વયે દાદ જોઈએ તો અરજદારે અરજી મુજબની લેણી રકમ તથા તે લેણી રકમની દશ ગણી રકમ વળતર સાથે ચુકવી આપે તેવો તથા અરજી ખર્ચની માંગણી કરેલ છે. અરજી તથા જુબાનીની હકીકત ધ્યાને લેતા અરજદારે ટી.અરજી નં.૫૬૬/૦૪ ના કામે નામદાર કોર્ટે અરજદારને તા.૩–૮–૦૪ના રોજ નોકરીમાંથી છુટા કરવાનુ કૃત્ય ગેરકાયદેસર ઠરાવી અરજદારને છુટા કર્યા ત્યારથી તેમની મુળ જગ્યાએ સંળગ નોકરી ગણી પડેલા દિવસોના ૫૦% પગાર સહીત નોકરીમાંથી પુનઃસ્થાપિત કરવા તેમજ અરજી ખર્ચના રુ।.૪,૦૦૦/– ચુકવી આપવાનો હુકમની જાણ થયેથી દિન.૩૦ માં સામાવાળાને તા.૪–૫–૧૩ના રોજ હુકમ કરેલ તે મુજબ તા.૩–૮–૦૪ થી તા.૪–૫–૧૩ સુધીના

કુલ ૨૭૩૧ દિવસના ૫૦% પડેલા દિવસોના પગારના નાણા રૂા.૪,૮૫,૭૯૦/– અને ખર્ચના રુા.૪,૦૦૦/– મળી કુલ રૂા.૪,૮૯,૭૯૦/– (અંકે રૂપિયા ચાર લાખ નેવ્યાસી હજાર સાતસો નેવુ પુરા) ની માંગણી કરેલ છે.

હાલના કામે અરજદારે આંક–૯ થી પોતાની અરજીમાં જણાવેલ માંગણીના સમર્થનમાં સોગંદનામુ રજુ કરી તેના ઉપર આધાર રાખેલ છે. અરજદારના સરતપાસના સોગંદનામાની હકીકતો અંગે સામાવાળા ધ્વારા કોઈ ઉલટતપાસ કરવામાં આવેલ ન હોય સામાવાળાનો ઉલટતપાસ કરવાનો હક બંધ કરવામાં આવેલ છે. ત્યારબાદ સામાવાળાએ હાજર થઈ પોતાનો સોગંદ ઉપર કોઈ પુરાવો રજુ કરેલ ન હોય આંક–૧૬ થી સામાવાળાનો પુરાવો રજુ કરવાનો હક બંધ કરેલ છે. આમ, અરજદારની સોગંદનામામાં જણાવેલી હકીકતો ચેલેન્જ થયેલી નથી. વધુમાં અરજદારે આંક–૧૮ થી સોગંદનામા ઉપર જાહેર કરેલ છે કે, મુળ ટી.અરજી નં.૫૬૬/૨૦૦૪ ના હુકમ સામે સામાવાળાએ ઔધોગિક અદાલત, સુરતમાં પરચુરણ (આઈ.સી.) નં.૭/૨૦૧૪ થી ચેલેન્જ કરેલ જે તા.૩૧–૦૩–૨૦૧૭ ના રોજ રદ કરવામાં આવેલ અને તે હુકમને સામાવાળા તરફથી કોઈ ઉપલી અદાલતમાં ચેલેન્જ કરેલ નથી કે કોઈ અપિલ કે રીવીઝન કરેલ નથી કે હુકમ વિરૂધ્ધની અરજદારને નોટીસ કે હુકમની નકલ મળેલ નથી. તેમજ ઓફીસ રજીસ્ટ્રીને તે બાબતે શેરો કરવા આંક–૧ લગત હુકમ કરતા, સદર હુકમ સામે ઉપલી અદાલતમાં કોઈ ફરી ફાઈલ, અપિલ, રીવીઝન, રીવ્યુ દાખલ થયેલ નથી કે હાલ કોઈ પડતર નથી તેમજ ના.ગુજરાત હાઈકોર્ટમાં કોઈ રીટ પીટીશન થયેલ નથી જે કચેરીના અપિલ રજીસ્ટર તથા ના.ગુજરાત હાઈકોર્ટ રીટ રજીસ્ટર રેકર્ડ તપાસતા માલુમ પડેલ છે તેવો શેરો સીનીયર કર્લાક શ્રીએ કરેલ છે.

આ કામે આંક–૬ થી અરજદાર તરફે રજુ ચુકાદો ધ્યાને લેતા, સામાવાળા તરફે ઔધોગિક અદાલતમાં ટી.અરજી નંબર ૫૬૬/૨૦૦૪ ના હુકમ વિરૂધ્ધ પરચુરણ અરજી (આઈ.સી.) નંબર ૭/૨૦૧૪ દાખલ કરી હાજર રહેલ અને તે અરજીના કામે તેઓને હાલની પે.વે.અરજી નં.૨૧૮/૨૦૧૩ નો સમન્સ બજતા તેની જાણ થયેલ છે. વધુમાં સામાવાળા ઉપરોકત પરચુરણ અરજી (આઈ.સી.) નંબર ૭/૨૦૧૪ મા હાજર થયેલ છે તથા તેમા રજુઆત કરેલ છે કે, તેઓએ રોકેલ વકિલ અને લેબર કન્સલ્ટન્ટનાએ મુળ ટી.અરજીમાં જવાબ રજુ કરેલ અને અગમ્ય કારણોસર તેઓએ સંસ્થાના સાક્ષી પુરાવાઓને તપાસેલ નથી કે સંસ્થા તરફે કોઈ દલીલ કરેલ નથી કે તેઓ છુટા થવા માંગે છે તેની સંસ્થાને જાણ કરેલ નથી કે તેઓ એડવોકેટ તરીકે છુટા થવા માંગે છે તેની કોઈ જાણ તેમને કરેલ નથી. જેથી સંસ્થાના એડવોકેટશ્રીએ અધવચ્ચેથી કોઈ પણ જાતની જાણ કર્યા વગર તેમના કેસમાં સંસ્થા તરફેની કાર્યવાહી કરવાનુ બંધ કરેલ અને સદર ટર્મીનેશન અરજી એક તરફી ચાલી ગયેલ છે. સદર પરચુરણ અરજી (આઈ.સી.) નંબર ૭/૨૦૧૪ માં અપિલનો આખરી નિર્ણય થતા સુધીના સમય માટે સ્ટે કરવા તથા હાલની પેમેન્ટ ઓફ વેજીસ અરજી નં.૨૧૮/૨૦૧૩ ના કામે પણ પ્રોસીડીગ્સ અપિલનો આખરી નિર્ણય થતા સુધીના સમય માટે સ્ટે કરવા વિનંતી કરેલ છે. જે ધ્યાને લેતા આ કામના સામાવાળાને હાલની અરજીની જાણ હોવા છતા તેઓ તરફે કોઈ જવાબ રજુ કરેલ નથી કે અરજદારની ઉલટ તપાસ કરવામાં આવેલ નથી કે તેઓ તરફે કોઈ સાક્ષી પુરાવો કે દલીલ રજુ કરેલ નથી. વધુમાં પરચુરણ અરજી (આઈ.સી.) નંબર ૭/૨૦૧૪ નામ.આઈ.સી.કોર્ટ ધ્વારા તા.૩૧/૦૩/૨૦૧૭ ના રોજ રદ કરવાનો હુકમ થયેલ છે. અરજદારે આ કામે રજુ કરેલ સોગંદનામુ પણ સામાવાળાને રજીસ્ટર પોસ્ટ ધ્વારા મોકલાવેલ છે અને તે સામાવાળાને મળ યાની પ્હોચ આંક–૧૧ થી રજુ કરેલ છે. વધુમાં આ કામે સામાવાળા તરફે આંક–૧૦ થી તા.૨૫–૦૯–૨૦૧૭ ના રોજ વકિલ પત્ર રજુ કરવામાં આવેલ છે. તેમજ આંક–૧૩ થી સામાવાળા તરફે તા.૦૫–૦૨–૨૦૧૮ ના રોજની મુદત અરજી પણ મંજુર થયેલ છે. જેથી સામાવાળાને સદર પેમેન્ટ અરજીની કાર્યવાહીની જાણ હોવાનુ તારણ થાય છે.

હવે અરજદારની હાલની અરજી પગાર ચુકવણી ધારાની કલમ–૧૫ અન્વયેની છે અને કલમ–૧૫ ની જોગવાઈ મુજબ કામદારે પોતાનું વેતન ડયુ થયા તારીખની ૧૨ મહીનામાં જાતે અથવા રજીસ્ટર્ડ ટ્રેડ યુનીયનના કોઈ ઓફીસર ધ્વારા લેખીતમાં અરજી કરવાની રહે છે. હવે જો તા.૪–૫–૧૩ ના રોજ કોઈ વેતનની રકમ લેણી હોય તો મોડામાં મોડા ૧૨ મહીનામાં આ જોગવાઈ હેઠળ અરજી કરવાની રહે છે. હાલની અરજી જોતાં અરજદારે ટી.અરજી નં.૫૬૬/૦૪ ના કામે નામદાર કોર્ટે તા.૪–૫–૧૩ ના રોજ હુકમ કરેલ મુજબ તા.૩–૮–૦૪ થી તા.૪–૫–૧૩ સુધીના પડેલા દિવસોના પગારના કુલ ૧૦૫ માસના (રૂા.૯૨૫૦/– ના ૫૦ % ) એટલે રૂા.૪૬૨૫/– મુજબ નાણા રુા.૪,૮૫,૬૨૫/– અને ખર્ચના રુા.૪,૦૦૦/– મળી કુલ રુા.૪,૮૯,૬૨૫/–(અંકે રુપીયા ચાર લાખ નેવ્યાસી હજાર છસો પચ્ચીસ પુરા) મેળવવા હાલની અરજી તા.૧–૮–૧૩ ના રોજ કરેલ છે. આમ, હવે આ માંગણી સમય મર્યાદામાં હોય અરજદાર ટી.અરજી નં.૫૬૬/૦૪ ના કામે થયેલ હુકમ મુજબ અરજદારને છુટા કર્યા તા.૩–૮–૦૪ થી તા.૪–૫–૧૩ સુધીના પડેલા દિવસોના પગારના કુલ ૧૦૫ માસના (રૂા.૯૨૫૦/– ના ૫૦ % ) એટલે રૂા.૪૬૨૫/– મુજબ નાણા રુા.૪,૮૫,૬૨૫/– અને ખર્ચના રુા.૪,૦૦૦/– મળી કુલ રુા.૪,૮૯,૬૨૫/–(અંકે રુપીયા ચાર લાખ નેવ્યાસી હજાર છસો પચ્ચીસ પુરા) કાયદેસર રીતે મળવાપાત્ર હોવાનું ન્યાયના હિતમાં તારણ થાય છે.

વધુમાં પગાર ચુકવણી અધિનિયમની કલમ–૧૫ અન્વયે વેતન ડયુ થાય ત્યારથી ૧૨ મહીનામાં અરજી કરવાની જોગવાઈ કરવામાં આવેલ છે. હાલના કામે તા.૧–૮–૧૩ ના રોજ સમય મર્યાદામાં અરજી ગુજારેલ હોવાથી અરજદાર ટી.અરજી નં.૫૬૬/૦૪ ના કામે થયેલ હુકમ મુજબ અરજદારને છુટા કર્યા તા.૩–૮–૦૪ થી તા.૪–૫–૧૩ સુધીના પડેલા દિવસોના પગારના કુલ ૧૦૫ માસના (રૂા.૯૨૫૦/– ના ૫૦ % ) એટલે રૂા.૪૬૨૫/– મુજબ નાણા રુા.૪,૮૫,૬૨૫/– અને ખર્ચના રુા.૪,૦૦૦/– મળી કુલ રુા.૪,૮૯,૬૨૫/–(અંકે રુપીયા ચાર લાખ નેવ્યાસી હજાર છસો પચ્ચીસ પુરા) મેળવવા હકદાર હોવાનું આથી ઠરાવવામાં આવે છે.

વધુમાં હાલના કામે અરજદાર તરફે દસગણી રકમ વળતર પેટે ચુકવવા હુકમ ફરમાવવા જણાવેલ છે પરંતુ આ રકમ તેઓને સદર કાયદાની કઈ જોગવાઈ અન્વયે અને કઈ રીતે મળવાપાત્ર થાય છે તે અંગે કોઈ ચોકકસ હકીકતો જણાવેલ નથી કે તે અંગે કોઈ સચોટ પુરાવો પણ રજુ કરેલ નથી જેથી તે પુરતી અરજી દાદ નામંજુર કરવામાં આવે છે.

આમ, ઉપરોકત સમગ્ર હકીકત, રેકર્ડ અને પુરાવો વિગેરે ઘ્યાને લેતાં અરજદાર ટી.અરજી નં.૫૬૬/૦૪ ના કામે થયેલ હુકમ મુજબ અરજદારને છુટા કર્યા તા.૩–૮–૦૪ થી તા.૪–૫–૧૩ સુધીના પડેલા દિવસોના પગારના કુલ ૧૦૫ માસના (રૂા.૯૨૫૦/– ના ૫૦ % ) એટલે રૂા.૪૬૨૫/– મુજબ નાણા રુા.૪,૮૫,૬૨૫/– અને ખર્ચના રુા.૪,૦૦૦/– મળી કુલ રુા.૪,૮૯,૬૨૫/–(અંકે રુપીયા ચાર લાખ નેવ્યાસી હજાર છસો પચ્ચીસ પુરા) મેળવવા હકદાર બનતા હોય **મુદ્દા નં.૧**નો નિર્ણય **અંશતઃહકાર**માં આપી **મુદ્દા નં.૨** અંગે ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**–: હુકમ :–**

૧. અરજદારની અરજી અશંતઃ મંજુર કરવામાં આવે છે.

૨. અરજદાર ટી.અરજી નં.૫૬૬/૦૪ ના કામે થયેલ હુકમ મુજબ અરજદારને છુટા કર્યા તા.૩–૮–૦૪ થી તા.૪–૫–૧૩ સુધીના પડેલા દિવસોના પગારના કુલ ૧૦૫ માસના (રૂા.૯૨૫૦/– ના ૫૦ % ) એટલ ે રૂા.૪૬૨૫/– મુજબ નાણા રુા.૪,૮૫,૬૨૫/– અને ખર્ચના રુા.૪,૦૦૦/– મળી કુલ રુા.૪,૮૯,૬૨૫/– (અંકે

રુપીયા ચાર લાખ નેવ્યાસી હજાર છસો પચ્ચીસ પુરા) સામાવાળા પાસે વસુલ લેવા હકદાર હોવાનું આથી ઠરાવવામાં આવે છે જે રકમ સામાવાળાએ હુકમ મળ્યા તારીખથી દિન.૩૦માં અરજદારને ચુકવી આપવી.

૩. અરજદારે અરજીમાં દસ ગણી વળતરની રકમની માંગણી કરેલ છે તે પુરતી અરજી દાદ નામંજુર છે.

૪. સામાવાળાએ અરજદારને આ અરજી ખર્ચના રૂા.૧,૦૦૦/– (અંકે રુપીયા એક હજાર પુરા) ઈલાયદા ચુકવી આપવા.

આ હુકમ આજ તા. ૩૧–૦૧–૨૦૨૦ ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

Station :- Surat
Date :-31 -01-2020

(Manan Sudhirbhai Soni)
GJ-01262, Authority Under The Payment of Wages Act, Labour Court, Surat.